નં.એમએજી/સી/૨૨૯૦/૨૦૧૬ O. I. G. S.

જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
ગીર સોમનાથ જિલ્લો,
વેરાવળ.
તા.30/૦૭/૨૦૧૬

રવાનગી કલાર્ક,
કલેકટર કચેરી
ગીર-સોમનાથ જિલ્લો
વેરાવળ-૩૬૨ ૨૬૫

પ્રતિ,
શ્રી વાસણભાઈ જી. આહિર
પ્રમુખશ્રી,
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન,
૭૩/એ, સહજાનંદ શોપીંગ સેન્ટર,
શાહીબાગ, અમદાવાદ–૩૮૦ ૦૦૪.

**વિષય :–** શહેરમા ભારે તેમજ મધ્યમ પ્રકારના વાહનોના પ્રવેશબંધીના જાહેરનામાઓ નકલ મોકલવા બાબત.

ઉપરોકત વિષય પરત્વેના આપના પત્ર ક્રમાંકઃએજીટીટીએ/૨૦૧૬–૧૭/૨૦, તા.૧૫/૦૭/૨૦૧૬ અન્વયે જણાવવાનુ કે, ટ્રાફીક સમસ્યાનુ નિરાકરણ કરવા માટે વેરાવળ શહેરમા વાહનોની પ્રવેશબંધી માટે અત્રેથી બહાર પાડવામા આવેલ જાહેરનામાની નકલ આ સહ સામેલ રાખી મોકલવામા આવેલ છે. જેનાથી વિદિત થવા વિનંતી છે.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ગીર સોમનાથ જિલ્લો,વેરાવળ

બિડાણઃ– ઉપર મુજબ

# જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ

*ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૩૩ ની પેટા કલમ–(૧)(ખ) અન્વયેનુ પ્રાથમીક જાહેરનામુ*

નં.એમએજી/સી/૩૪૪૫/૨૦૧૫

તા.૧૭/૦૭/૨૦૧૫

## –:: આખરી જાહેરનામુ ::–

ગીર સોમનાથ જિલ્લાની ટ્રાફિક સમસ્યાનુ નિરાકરણ કરવા માટે જિલ્લા ટ્રાફિક સલાહકાર સમિતિની બેઠકનુ આયોજન તા.૨૨/૦૧/૨૦૧૫ ના રોજ કરવામા આવેલ. જે બેઠકમા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ, ચિફ ઓફીસરશ્રી, વેરાવળ–પાટણ સંયુકત નગરપાલીકા, વેરાવળ અને ચિફ ઓફીસરશ્રી, નગરપાલીકા, ઉના તરફથી રજુ થયેલ પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામા આવેલ. જેમા વેરાવળ શહેરના ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે રજુ થયેલ પ્રશ્નો અને સુચનો અન્વયે ચર્ચા વિચારણા કરતા નીચેની વિગતે અમલવારી કરવાનું સર્વાનુમતે નકકી કરવામા આવતા આ કચેરીના હુકમ નં.એમએજી/સી/૪૪૫/૨૦૧૫, તા.૦૭/૦૨/૨૦૧૫ થી નીચેની વિગતેની બાબતો ઉપર કાયમી ધોરણે પ્રતિબંધ ફરમાવવા વિચારણા કરવા અંગેનુ પ્રાથમિક જાહેરનામુ બહાર પાડવામા આવેલ છે. આ જાહેરનામુ દૈનિક વર્તમાનપત્રો અને જાહેર જગ્યાઓ ઉપર પ્રસિધ્ધ કરવામા આવેલ છે. જે જાહેરનામુ પ્રસિધ્ધ થયાના દિવસ–૩૦(ત્રીસ) ની સમય મર્યાદામા વાંધા /સુચનો મંગાવવામા આવેલ છે.

(૧) વેરાવળ શહેરમા વેરાવળ ગાંધીરોડ શાક માર્કેટથી પાટણ દરવાજા સુધી સવારના ૦૯:૦૦ થી ૧૪:૦૦ તથા ૧૭:૦૦ થી ૨૦:૦૦ કલાક સુધી એક માર્ગીય રસ્તો કરવો. જેમા ટ્રાફિક શાક માર્કેટથી પાટણ દરવાજા તરફ જઈ શકે, પરંતુ પાટણ દરવાજાથી શાક માર્કેટ સુધી "નો એન્ટ્રી" જાહેર કરવી.

(૨) વેરાવળ શહેરમા સટ્ટાબજાર બેન્ક ચોકી ત્રણ રસ્તાથી ચાર ચોક સુધી (બપોરે ૧૩:૦૦ થી ૧૬:૦૦ સીવાય) ભારે વાહનો અને છકડો રીક્ષાની "નો એન્ટ્રી" તથા ટુ વ્હીલર વાહન માટે એકી તારીખે તથા બેકી તારીખે અનુક્રમે ઉત્તર તથા દક્ષિણ દિશામા ટુ વ્હીલર પાર્કિંગ માટે વ્યવસ્થા રખાવવી.

(૩) વેરાવળ શહેરમા સુભાષ રોડ, સ્વામીનારાયણ મંદિરથી ગાંધીરોડના રસ્તા સુધી કલાક ૧૭:૦૦ થી ૨૦:૦૦ કલાક સુધી તમામ પ્રકારના વાહનોને પસાર થવા ઉપર પ્રતિબંધ ફરમાવવો.

(૪) રામભરોસા ચોકથી ટાવરચોક સુધી રસ્તાની બન્ને સાઈડમા સવારના ૦૯:૦૦ થી ૧૩:૦૦ કલાક સુધી તથા સાંજે ૧૭:૦૦ થી ૨૦:૦૦ સુધી તમામ પ્રકારના ટુ વ્હીલર, થ્રી વ્હીલર કે ફોર વ્હીલર તેમજ ભારે વાહનો પાર્ક કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો.

(૫) વેરાવળ શહેરમા તાલાલા રોડ ઉપર આવેલ મોટી હવેલીથી અને ભીડીયા સર્કલથી તેમજ જુનાગઢ રોડ ઉપર આવેલ દેવકા નદીના પુલથી વેરાવળ શહેર વિસ્તારમાથી પસાર થતા હાઈ–વે પર સવારના ૦૯:૦૦ થી ૧૩:૦૦ કલાક તથા સાંજના ૧૬:૦૦ થી ૨૧:૦૦ કલાક દરમ્યાન ભારે વાહનો પસાર થવા ઉપર પ્રતિબંધ ફરમાવવો.

(૬) વેરાવળ શહેરમા રાજેન્દ્રભુવન રોડ ઉપર નગરપાલીકાની કચેરીથી મામલતદાર કચેરી સુધી આ રસ્તાની બન્ને બાજુએ સરકારી દવાખાનુ, સ્કુલ, જયુડીશયલ કોર્ટ તથા સરકારી કચેરીઓ આવેલ હોય, આ વિસ્તારને સાઈલેન્સ ઝોન જાહેર કરવો.

ઉપરોકત વિગતે પ્રતિબંધ ફરમાવતુ અત્રેથી બહાર પાડવામા આવેલ પ્રાથમિક જાહેરનામુ દૈનિક વર્તમાનપત્રો અને જાહેર જગ્યાઓ ઉપર પ્રસિધ્ધ કરવામા આવેલ છે. જે જાહેરનામુ પ્રસિધ્ધ થયાના દિવસ–૩૦(ત્રીસ) ની સમય મર્યાદામા વાંધા /સુચનો મંગાવવામા આવેલ છે. તેમજ નિયત સમયમર્યાદામા વાંધા /સુચનો રજુ કરનારને અત્રેના રૂબરુ સાંભળવામા આવેલ છે. તેમજ તેઓના વાંધા /સુચનો પરત્વે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ પાસેથી રીમાર્કસ મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પત્ર નં.સી/એલઆઈબી/જાહેરનામા/અહેવાલ/૨૦૧૨/૨૦૧૫, તા.૧૭/૦૫/૨૦૧૫ થી પ્રાથમિક જાહેરનામાના મુદ્દા નં. ૧,૨,૩,૪ અને ૬ સબંધે પ્રતિબંધ યથાવત રાખવા અને મુદ્દા નં.–૫ મા આંશિક ફેરફાર કરી વેરાવળ બાયપાસથી તાલાલા બાયપાસ ચોકડી અને તાલાલા રોડ ઉપર આવેલ મોટી હવેલીથી ભીડીયા સર્કલ સુધીનો રસ્તો પહોળો હોય અને ભીડભાડ વાળો રસ્તો ન હોય તેમજ પ્રતિબંધ હટાવવામા આવે તો ભારતીય ખાદ્યનિગમની રજુઆત વ્યાજબી હોય અને અનાજ બગડવાનો પ્રશ્ન તેમજ ટ્રાન્સપોર્ટીગનો પ્રશ્ન હલ થઈ શકે તેમ હોય આ પ્રતિબંધ હટાવવા અંગેના અભિપ્રાય સહ અહેવાલ રજુ થયેલ છે.

તા.૦૨/૦૭/૨૦૧૫ ના રોજ યોજવામા આવેલ જિલ્લા ટ્રાફિક સલાહકાર સમિતિની બેઠકમા ઉપરોકત જાહેરનામાના મુદ્દા નં.–૫ મા વેરાવળ શહેરમા તાલાલા રોડ ઉપર આવેલ મોટી હવેલીથી ભીડીયા સર્કલ સુધીનો રસ્તો સવારના ૦૯:૦૦ થી ૧૩:૦૦ કલાક તથા સાંજના ૧૬:૦૦ થી ૨૧:૦૦ કલાક દરમ્યાન ભારે વાહનો પસાર થવા મુકવા ધારેલ પ્રતિબંધની અમલવારી મોકુફ રાખવા ભારતીય ખાદ્ય નિગમ તથા અન્ય વ્યકિતઓ તરફથી થયેલ રજુઆત માન્ય રાખવા બેઠકમા નકકી કરવામા આવેલ છે અને તે સીવાય વેરાવળ શહેરમા ટ્રાફિકના નિયમન અંગેનુ આ કચેરી તરફથી તા.૦૭/૦૨/૨૦૧૫ ના રોજ પ્રસિધ્ધ કરવામા આવેલ પ્રાથમિક જાહેરનામુ આખરી કરવા સર્વાનુમતે નકકી કરવામા આવેલ છે.

વેરાવળ શહેરમા ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે ઉપરોકત વિગતેની અમલવારી કરવાનુ સર્વાનુમતે ગીર સોમનાથ જિલ્લા ટ્રાફિક સલાહકાર સમિતિની બેઠકમા નકકી કરવામા આવેલ વિગતો ઉચીત જણાતી હોય, તેની અમલવારી અર્થે ઉપરોકત જાહેરનામુ આખરી કરવાનું અમોને વ્યાજબી જણાય છે.

સબબ, હું અજયકુમાર, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ જિલ્લો– વેરાવળ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૩૩ની પેટા કલમ–(૧)(ખ) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ શહેરમા ટ્રાફિકના નિયમન માટે નીચે મુજબ કાયમી ધોરણે પ્રતિબંધ ફરમાવુ છું.

(૧) વેરાવળ શહેરમા વેરાવળ ગાંધીરોડ શાક માર્કેટથી પાટણ દરવાજા સુધી સવારના ૦૯:૦૦ થી ૧૩:૦૦ તથા ૧૭:૦૦ થી ૨૦:૦૦ કલાક સુધી એક માર્ગીય રસ્તો કરવો. જેમા ટ્રાફિક શાક માર્કેટથી પાટણ દરવાજા તરફ જઈ શકે, પરંતુ પાટણ દરવાજાથી શાક માર્કેટ સુધી "નો એન્ટ્રી" જાહેર કરુ છું.

(૨) વેરાવળ શહેરમા સટ્ટાબજાર બેન્ક ચોકી ત્રણ રસ્તાથી ચાર ચોક સુધી (બપોરે ૧૩:૦૦ થી ૧૬:૦૦ સીવાય) ભારે વાહનો અને છકડો રીક્ષાની "નો એન્ટ્રી" તથા ટુ વ્હીલર વાહન માટે એકી તારીખે તથા બેકી તારીખે અનુક્રમે ઉત્તર તથા દક્ષિણ દિશામા ટુ વ્હીલર પાર્કિંગ માટે વ્યવસ્થા રખાવવી.

(૩) વેરાવળ શહેરમા સુભાષ રોડ, સ્વામીનારાયણ મંદિરથી ગાંધીરોડના રસ્તા સુધી કલાક ૧૭:૦૦ થી ૨૦:૦૦ કલાક સુધી તમામ પ્રકારના વાહનોને પસાર થવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

(૪) રામભરોસા ચોકથી ટાવરચોક સુધી રસ્તાની બન્ને સાઈડમા સવારના ૦૯:૦૦ થી ૧૩:૦૦ કલાક સુધી તથા સાંજે ૧૭:૦૦ થી ૨૦:૦૦ સુધી તમામ પ્રકારના ટુ વ્હીલર, થ્રી વ્હીલર કે ફોર વ્હીલર તેમજ ભારે વાહનો પાર્ક કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

(૫) વેરાવળ–જુનાગઢ રોડ ઉપર આવેલ દેવકા નદીના પુલથી [illegible] સવારના ૦૯:૦૦ થી ૧૩:૦૦ કલાક તથા સાંજના ૧૬:૦૦ થી ૨૧:૦૦ કલાક દરમ્યાન ભારે વાહનો પસાર થવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

(૬) વેરાવળ શહેરમા રાજેન્દ્રભુવન રોડ ઉપર નગરપાલીકાની કચેરીથી મામલતદાર કચેરી સુધી આ રસ્તાની બન્ને બાજુએ સરકારી દવાખાનુ, સ્કુલ, જયુડીશ્યલ કોર્ટ તથા સરકારી કચેરીઓ આવેલ હોય, આ વિસ્તારને સાઈલેન્ટ ઝોન જાહેર કરુ છું.

આ જાહેરનામુ તુર્તજ અમલમા આવશે. તેમા ફેરફાર કરવામા ન આવે કે રદ કરવામા ન આવે કે જાહેરનામાનો અમલ મોકુફ રાખવામા ન આવે ત્યાંસુધી તે અમલમા રહેશે. તેમજ ઉપરોકત સ્થળો ઉપર જરૂરી સાઈન બોર્ડ પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથના પરામર્શમા રહીને ચિફ ઓફીસરશ્રી, વેરાવળ–પાટણ સંયુકત નગરપાલીકા વેરાવળએ લગાવવાના રહેશે.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૧ મા જણાવેલ શિક્ષાને પાત્ર રહેશે.

આ આખરી જાહેરનામું આજ તા.૦૭ માહે: જુલાઈ–૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યુ.

7/7/15

(અજયકુમાર)
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ગીર સોમનાથ જિલ્લો, વેરાવળ

Akhil Gujarat Truck Transport Association